

# સ્ટુડન્ટ્સે ખરા અર્થમાં 'ભારત દર્શન' કર્યાં

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરના 99 સ્ટુડન્ટ્સે માત્ર 42 દિવસમાં ભારતની યાત્રા કરી છે. સમર ટર્મમાં લર્નિંગ એક્સપિરિયન્સ તરીકે સ્ટુડન્ટ્સને એક્સપ્લોરર ફેલોશિપના ભાગરૂપે આ યાત્રા કરવાનો મોકો મળ્યો હતો. આ સ્ટુડન્ટ્સ 31 ગ્રૂપમાં દેશભરમાં છ અઠવાડિયાં સુધી ફર્યા હતા. તેમણે તેમના અનુભવોનું એક પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું. દરેક ગ્રૂપે લગભગ પાંચથી સાત મિનિટની એક વીડિયો ડોક્યુમેન્ટરી પણ બનાવી હતી. બી ટેકના સેકન્ડ યરના સ્ટુડન્ટ કૌશલ મોદીએ જણાવ્યું હતું કે, 'અમે અલગ અલગ રિજન્સમાંથી પસાર થયાં હતાં. જેમાં અમને અલગ જીઓગ્રાફી, ભાષાઓ, પોલિટિક્સ અને કલ્ચર જોવા મળ્યા હતા. પણ દરેક રિજનમાં કશુંક એવું હતું જેને એક્સપ્લેઇન કરી શકાય તેમ નથી અને તે જ આપણને એક દેશ તરીકે જોડી રાખે છે.' આ ફેલોશિપ પ્રોગ્રામમાં સ્ટુડન્ટ્સે ઉત્તર ભારત, ઉત્તર પૂર્વ ભારત અને દક્ષિણ ભારતના ઓછામાં ઓછા એક રાજ્યની મુલાકાત લેવી પડે છે. કુલ રાજ્યોની સંખ્યા ઓછામાં ઓછા છ થવી જોઇએ. સ્ટુડન્ટ્સે ટ્રેનમાં સ્લીપર ક્લાસમાં મુસાફરી કરવાની હોય છે. તો સાથે તેમણે સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસ અને લો કોસ્ટ એકોમોડેશનમાં રહેવાનું હોય છે. જેથી તેમને વધારે સારા અનુભવો થઈ શકે. નોંધનીય છે કે આ પ્રોગ્રામની શરૂઆત 2015માં કરાઈ હતી. ગયા વર્ષે 50 સ્ટુડન્ટ્સે તેમાં ભાગ લીધો હતો. જ્યારે આ વર્ષે આ આંકડામાં વધારો થયો છે.

AhmedabadSamay

**Title:** Students studied India in real sense
**Source:** Navgujarat Samay (Gandhinagar Samay) (Page. No.04)
**Date:** 30/10/2017